# SANBLUE CORPORATION LIMITED

4/04/2023

**To,**
**BSE Limited**
**Floor 25, P J Towers,**
**Dalal Street,**
**Mumbai-400001**

Dear Sir/Madam

**Sub: Newspaper Publication**

Ref: BSE Script Code: 521222

We enclosed herewith copies of Intimation of the closure of trading window for the quarter ended 31st March, 2023 published in the western times Newspapers in English language as well as Gujarati Language.

Kindly update your records.

Your faithfully,
**For Sanblue Corporation Limited**

JOSE RAJAN DANIEL

Digitally signed by JOSE RAJAN DANIEL
DN: c=IN, postalCode=380015, st=GUJARAT, l=AHMEDABAD, o=Personal, serialNumber=cfb5e277ea06d69fd5ef6741d821bfca9d432e69345aa11e11e5f4bfc9596cc9, pseudonym=291720211220120151714, 2.5.4.20=e326dffacf1266a8c8a27af9ab5a8f3cd8b6ccb5118fe109fc1565a4ba9c0cbd, email=JOSE@FIBRE2FASHION.COM, cn=JOSE RAJAN DANIEL, title=2917
Date: 2023.04.04 14:46:09 +05'30'

**Jekil Pancholi**
**Company Secretary**
**Mem. No:F12329**

Encl: As above

મોંઘવારીનો વધુ એક માર

# એપ્રિલથી મોંઘી થઈ શકે છે જીવન વીમા પોલિસી

**જીવન વીમા કંપનીઓ માટે વિતરણ ખર્ચ, જે બેંકો દ્વારા પ્રમોટ કરવામાં આવતી નથી, તે ઉચ્ચ કમિશન ચૂકવણીમાં વધારો તરફ દોરી શકે છે**

(એજન્સી)નવી દિલ્હી,
સામાન્ય માણસને મોંઘવારીમાંથી રાહત મળવાની કોઈ આશા નથી. ૧ એપ્રિલથી શરૂ કરીને, નવા નાણાકીય વર્ષમાં એટલે કે ૨૦૨૩-૨૪માં જીવન વીમાના પ્રીમિયમમાં વધારો થઈ શકે છે. વીમા કંપનીઓ હવે કમિશન અને મેનેજમેન્ટ ખર્ચ પર વીમા નિયમનકાર Irdaiના નવા નિયમો અનુસાર એજન્ટોને કમિશન ચૂકવવા માટે મુક્ત છે. આવી સ્થિતિમાં, જીવન વીમા કંપનીઓના વિતરણ ખર્ચમાં વધારો થવાની સંભાવના છે કારણ કે મધ્યસ્થીઓ (થર્ડ પાર્ટી) ઉત્પાદન વિતરણ માટે ઉચ્ચ કમિશનની માંગ કરી શકે છે. જીવન વીમા કંપનીઓ માટે વિતરણ ખર્ચ, જે બેંકો દ્વારા પ્રમોટ કરવામાં આવતી નથી, તે ઉચ્ચ કમિશન ચૂકવણીમાં વધારો તરફ દોરી શકે છે.

બેંકો દ્વારા પ્રમોટ કરવામાં આવતા વિતરણ ખર્ચ પરની અસર ઓછી હોવાની શક્યતા છે. ફાઈનાન્શિયલ એક્સપ્રેસ સાથેની વાતચીતમાં, જીવન વીમા કંપનીના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "વ્યવસ્થાપન ખર્ચની એકંદર મર્યાદા હેઠળ મધ્યસ્થીઓને ચૂકવવાપાત્ર ઊંચા કમિશનને કારણે જીવન વીમા કંપનીઓના વિતરણ ખર્ચમાં ચોક્કસપણે વધારો થશે. વ્યવસાયની વિવિધ લાઇનમાં કમિશન ચૂકવણી પર કોઈ મર્યાદા નહીં હોવાથી, મધ્યસ્થીઓ ઉત્પાદન વિતરણ માટે કમિશન તરીકે વધુ ચૂકવણીની માંગ કરી શકે છે. વીમા કંપનીઓ વાતચીત કરશે, પરંતુ હવે મુદ્દો એ છે કે ૯ વીમા કંપનીઓ છે જે એક સંસ્થા સાથે જોડાણ કરી શકે છે. બેંકો, જે વીમા કંપનીઓના પ્રમોટર્સ અથવા શેરધારકો છે, તેઓ મૂલ્ય નિર્માણના મહત્વને સમજશે, જે હંમેશા કમિશન ટ્રેડ-ઓફ કરતાં ઘણું વધારે હશે. પરિણામે આવી વીમા કંપનીઓ પર અસર ઓછી થઈ શકે છે. જો કે, કેટલીક અન્ય બેંકો, જે વીમા કંપનીઓના પ્રમોટર્સ અથવા શેરધારકો નથી, ભાગીદારી માટે તે વીમા કંપનીઓ પાસેથી ઉચ્ચ કમિશનની માંગ કરી શકે છે. કેટલીક વીમા કંપનીઓ તેમને વધુ ચૂકવણી કરવા તૈયાર થશે. આ રીતે જીવન વીમા ઉદ્યોગ આગળ વધશે. ૩૧ માર્ચ આવકવેરો ભરવાની છેલ્લી તારીખ છે અને આવી સ્થિતિમાં, ઘણા કરદાતાઓ તેમના કર બચાવવા માટે વીમા યોજનાઓમાં રોકાણ કરવાનો આશરો લે છે. આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ના નિયમો અનુસાર, કરદાતાઓ વીમા યોજનામાં રોકાણ કરીને કરપાત્ર આવકમાંથી કપાતનો દાવો કરી શકે છે. સામાન્ય રીતે લોકો એક કે બે વિભાગમાં દાવો કરે છે અને તેનો લાભ કેવી રીતે મેળવવો તે જાણતા નથી.

## નર્મદા કાંઠા વિસ્તારમાંથી અવૈધ રીતે રેતી ખનન અને તેનું વહન ચમસીમાએ પહોંચ્યું

(પ્રતિનિધિ) ભરૂચ,
ઝઘડિયા તાલુકાના નર્મદા કાંઠા વિસ્તાર માં રેતી ઉલેચવાની ગેરકાયદેસરની પ્રવૃત્તિ છડે ચોક ચાલી રહી છે,તેમ છતાં આખા જિલ્લાનું જવાબદાર વહીવટી તંત્ર આંખ આડા કાન કરી કેમ કોઈ પગલા ભરતું નથી તે પ્રશ્ન ચર્ચા રહ્યો છે ! નાના વાસણા ગામ ખાતે સ્થાનિક ગ્રામ લોકોએ જનતા રેડ કરી આવા રેતી માફીયાઓ સામે રણસીંગુ ફૂંક્યું છે આજરોજ ગ્રામજનોએ ઓવરલોડ પાણી નીતરતી રેતી વહન કરતી ટ્રકો અટકાવી હતી જેના પગલે લીઝ સંચાલકો તથા ટ્રક ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ગ્રામજનોએ પકડેલી ટ્રકોના પગલે બાકીના ટ્રક ચાલકો ઓવરલોડ રેતી ખાલી કરી છુ મંતર થઈ ગયા હતા અને ટ્રક લોડિંગ અટકાવવાની ફરજ લીઝ સંચાલકોને પડી હતી.

પકડેલી ટ્રકોને જવાબદાર તંત્રને સોંપવા માટે જનતા રેડ ના આગેવાન જયરાજસિંહ રાજે જિલ્લાના તમામ જવાબદાર અધિકારીઓને ફોન કર્યા હતા પરંતુ ભૂસ્તરશાસ્ત્રી, રોયલ્ટી ઈન્સ્પેક્ટર દ્વારા તેમના કોઈ કોલ રીસીવ નહીં કરી કોઈ જવાબ આપ્યો નથી, આખરે જિલ્લા કલેકટરને ટેલિફોનિક જાણ કરવામાં આવતા તેમણે તાત્કાલિક પગલાં ભરવાની અને ઝડપાયેલ ટ્રકોને સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હૈયાધારણ આપી હતી. હાલ તો આ લખાય છે ત્યારે તે વિસ્તારમાં ગેરકાયદેસર રેતી ની ટ્રકો ગ્રામજનો એ જનતા રેડ કરી સવારે ૧૧:૦૦ કલાકે પકડી હતી અને ત્યારબાદ કલેક્ટર સાથે ટેલિફોનિક વાત કરી હતી અને તેમણે કાયદેસરની કાર્યવાહી કરવા જણાવ્યું હતું ત્યાર બાદ ભૂસ્તર વિભાગનો પણ આગેવાનો પર ફોન આવ્યા હતા કે અમે આવીએ છીએ પરંતુ એ કોલ આવ્યા ને પણ ચાર કલાકથી વધુ સમય વીતી ગયો છતાં હજુ સુધી ગ્રામજનોએ જનતા રેડ કરી ઝડપેલી ટ્રકો સામે કાર્યવાહી કરવા જવાબદાર ભૂસ્તર વિભાગ આવ્યું નથી.

## દિનશા પટેલ દ્વારા ચારુસેટમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે રૂ.૧.૫૧ કરોડનું સંકલ્પ દાન

(પ્રતિનિધિ) નડિયાદ,
ચાંગાસ્થિત વિખ્યાત ચારુસેટ યુનિવર્સિટીમાં ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સંસદસભ્ય વિખ્યાત સામાજિક અગ્રણી, દિલાવર દાતા દિનશા પટેલ દ્વારા દાનની સરવાણી વહેડાવવાની અભિગમ યથાવત રાખતા રૂ. ૧.૫૧ કરોડના માતબર દાનનો સંકલ્પ કરવામાં આવ્યો છે. ચારુસેટ યુનિવર્સિટીમાં સૂચિત ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સ્થાપના કરવા માટે દિનશા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ નડિયાદ દ્વારા રૂ. ૧.૫૧ કરોડના સંકલ્પ દાનમાંથી રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ચારુસેટ કેમ્પસમાં ૩૧મી માર્ચે, શુક્રવારે એક બેઠક દરમિયાન આ ચેક શ્રી દિનશા પટેલના હસ્તે માતૃસંસ્થા- ઝઉૐઇહ્નના પ્રમુખ શ્રી નગીનભાઈ પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી. સી. એ. પટેલ અને માતૃસંસ્થા કેળવણી મંડળ- ઝઉૐઇહ્નના માનદ મંત્રી ડો. એમ. સી. પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કેળવણી મંડળના સહમંત્રી શ્રીમતી મધુબેન પટેલ, ઈન્ટરનલ ઓડિટર શ્રી બિપિનભાઈ પટેલ, માતૃસંસ્થાના ટ્રસ્ટી પ્રિ. આર. વી. પટેલચારુસેટના પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાય, રજીસ્ટ્રાર ડો. અતુલ પટેલ, માતૃસંસ્થાના પદાધિકારીઓ, વિવિધ કોલેજોના પ્રિન્સિપાલો તેમજ દિનશા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ નડિયાદ તરફથી શ્રી ધનશ્યામભાઈ પટેલ, શ્રી વિનયભાઈ પટેલ, શ્રી હાર્દિક ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી દિનશા પટેલે કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી. સૌ. એ. પટેલ, શ્રી એન. એમ. પટેલ, એસ્ટેટ વિભાગની ઈજનેરી ટીમ સાથે સૂચિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી અને સલાહસૂચનો કર્યા હતા. સૂચિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ૧૨ માસમાં પૂર્ણ થવાની શક્યતા છે. આ વિષે શ્રી દિનશા પટેલે જણાવ્યુ હતું કે ચારુસેટ કેમ્પસમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સુવિધા ઊભી કરવા માટે શ્રી સૌ, એ પટેલ દ્વારા મને માહિતી આપવામાં આવી હતી યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ રમત ગમતની સુવિધા સ્થપાય તે વાત જાણી મને આનંદ થયો. રૂબરૂ ચર્ચા દરમિયાન જરૂરી રમતગમતની સુવિધા ઊભી કરવા અને નવનિર્મિત ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નામકરણ અંગે રૂ. ૧.૫૧ કરોડનું દાનની જાહેરાત કરી છે, જેના અનુસંધાનમાં દિનશા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ નડિયાદ તરફથી આજે રૂ. ૨૫ લાખનો ચેક એનાયત કરવામાં આવ્યો છે. ૨ વર્ષમાં આ સંકલ્પ પરિપૂર્ણ કરવામાં આવશે.


(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

**ચારુસેટમાં વિદ્યાર્થીઓ માટે ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું નિર્માણ થશે : રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ**

૩ માળના અદ્યતન સુસજ્જ ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ગ્રાઉન્ડ ફ્લોર પર બેડમિન્ટન, ટેબલ ટેનિસ, જીમ્નેસ્ટિક્સ, કબડ્ડી, બાસ્કેટબોલ, વોલીબોલ જેવી રમતો રમી શકાશે તેવો મલ્ટી પર્પઝ હોલ, ફર્સ્ટ ફ્લોર પર જીમ્નેશિયમ, એરોબીક્સ એક્સરસાઇઝ માટે સેન્ટર, સેકન્ડ ફ્લોર પર યોગા એન્ડ મેડીટેશન સેન્ટર, એડમીન ઓફીસ, લોકર રૂમ, સ્ટોર રૂમ, ફિઝીયોથેરાપી ટ્રીટમેન્ટ કલીનીક, રીફ્રેસમેન્ટ સ્ટોલની સુવિધા ઉપલબ્ધ થશે.

સ્પોર્ટ્સ પ્રત્યે પહેલેથી જ લગાવ ધરાવતા શ્રી દિનશા પટેલ વર્ષોથી નડિયાદમાં સ્પોર્ટ્સ એસોસિએશન સાથે સંકળાયેલા છે. નડિયાદમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ક્રિકેટ સ્ટેડિયમની સુવિધા ઊભી કરનાર શ્રી દિનશા પટેલ માને છે કે યુવા પેઢી સદા સ્પોર્ટ્સ સાથે જોડાયેલી રહે અને દેશદુનિયામાં ચરોતરનું નામ રોશન કરે. નડિયાદના અક્ષર પટેલે ક્રિકેટમાં દુનિયામાં નામ ગુંજતુ કર્યું છે. અત્યારે યુવાનોની સાથે યુવતીઓ પણ વિવિધ સ્પોર્ટ્સમાં સતત અગ્રેસર છે. ત્યારે ચારુસેટમાંથી વિધાર્થીઓ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો લાભ લઈ દેશદુનિયામાં નામ રોશન કરે તેવી અભિલાષા તેમણે વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે ચારુસેટનો વિદ્યાર્થી ઉપલ પટેલ અત્યારે IPL સુધી પહોંચ્યો છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ દિનશા પટેલ દ્વારા ચારુસેટ કેમ્પસને ૧.૩૨ કરોડનું માતબર દાન આપવામાં આવ્યું છે. જેમાં ચારુસેટ યુનિવર્સિટીમાં CSPIT કોલેજમાં શ્રીમતી કુંદનબેન દિનશા પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ચારુસેટ હોસ્પિટલ માટે દિનશા પટેલ જનરલ વોર્ડ, પેશન્ટ વેલ્ફેર ફંડ, ગોલ્ડ મેડલ એન્ડોવમેન્ટ ફંડનો સમાવેશ થાય છે. જેનું ઋણ અદા કરવા શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ દ્વારા દાતા દિનશા પટેલને ૨૨મી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ચારૂસેટમાં દાનભાસ્કર એવોર્ડ એનાયત કરાયો હતો.

## હું સરન્ડર કરવાનો નથી, અમૃતપાલ સિંહનો દાવો

**પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે પણ સરકારને ઠપકો આપ્યો હતો કે ૮૦ હજાર પોલીસકર્મીઓ શું કરી રહ્યા છે**

(એજન્સી)નવી દિલ્હી,
ખાલિસ્તાની પ્રચારક અને વારિસ પંજાબ દેનો ચીફ અમૃતપાલ સિંહને પંજાબ પોલીસ સતત ૧૩ દિવસથી શોધી રહી છે. અમૃતપાલ ક્યારેક દિલ્હી તો ક્યારેક હરિયાણા, ઉત્તરાખંડમાં હોવાના સમાચાર સામે આવતા રહે છે. પરંતુ તેના ચોક્કસ લોકેશનને લઈ પોલીસને હજુ સુધી કોઈ ઈનપુટ મળ્યા નથી. આ દરમિયાન ગુરુવારે અમૃતપાલ સિંહ એક નવો વિડીયો જાહેર કર્યો હતો. જેમાં તે સ્પષ્ટ રીતે કહી રહ્યો છે કે તે સરન્ડર કરવાનો નથી. આ તેનો બીજો વિડીયો છે.

૩૦ વર્ષીય અલગાવવાદી અને ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ ખુદને શિખ આતંકવાદી જરનેલ સિંહ ભિંડરાવાલેનો અનુનાયી ગણાવ છે. ૧૮ માર્ચના રોજ વારિસ પંજાબ દે સંગઠનના સભ્યોની વિરુદ્ધ પોલીસની કાર્યવાહી બાદ તે ફરાર છે. આ દરમિયાન અકાલ તખ્તના જત્થેદારે ભાગેડૂ અમૃતપાલ સિંહને પોલીસ સામે સરન્ડર કરવા માટે અને તપાસમાં સહયોગ આપવા માટે કહ્યું હતું. ગયા અઠવાડિયે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે પંજાબ પોલીસને ઠપકો આપતા કહ્યું હતું કે, અમૃતપાલ સિંહ તેમને વારંવાર કેવી રીતે છેતરી શકે છે. હાઈકોર્ટ આને ગુપ્ત નિષ્ફળતા ગણાવતા પંજાબ સરકારને પૂછ્યું હતું કે, તમારી પાસે ૮૦ હજાર પોલીસકર્મીઓ છે. તેઓ શું કરી રહ્યા હતા.

અમૃતપાલ સિંહ કેવી રીતે બચીને નીકળી ગયો. પંજાબ સરકારે મંગળવારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટને જણાવ્યું હતું કે, તેઓ અમૃતપાલ સિંહને પકડવાની નજીક છે. સોશિયલ મીડિયા પર સોમવારે અમૃતપાલ સિંહની તેના ખાસ સહયોગી પાપલપ્રીત સિંહની સાથે એક નવી તસવીર સામે આવી તી. અધિકારીઓ કહ્યું કે, કટ્ટરપંથી શિખ ઉપદેશક વિરુદ્ધ પોલીસ અભિયાન શરુ થયાના એક દિવસ બાદ આ તસવીર લેવામાં આવી હતી. જેમાં તે ડેનિમ જેકેટ અને બ્લેક ચશ્માંમાં નજરે પડ્યો હતો. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અધિકારીઓના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, અમૃતપાલ સિંહ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ અને વિદેશોમાં સ્થિત કેટલાંક આતંકવાદી સમૂહોની સાથે ખાસ સંબંધ ધરાવે છે. અમૃતપાલ સિંહ યૂકે સ્થિત ખાલિસ્તાની આતંકવાદી અવતાર સિંહ ખાંડાની નજીકનો હોવાનું માનવામાં આવી રહ્યું છે. અમૃતપાલના સ્ટેટસ માટે ખાંડાને મોટુ કારણ માનવામાં આવી રહ્યો છે. રિપોર્ટ મુજબ, અમૃતપાલ કથિત રીતે નશામુક્તિ કેન્દ્રોથી યુવાઓને એક ખાનગી મિલિશિયા બનાવી રહ્યો હતો. જેનો ઉપયોગ હિંસક વિરોધ પ્રદર્શનો માટે કરવામાં આવી રહ્યો હતો.

## વડોદરામાં શોભાયાત્રા ઉપર પથ્થરમારા મામલે ૨૪ની અટકાયત

(એજન્સી)વડોદરા,
વડોદરામાં શોભાયાત્રા પર પથ્થરમારા બાદ એક હજારથી વધુ પોલીસ જવાનોએ કોમ્બિંગ કર્યું હતું. આ મામલે અત્યાર સુધી ૫ મહિલા સહિત ૨૪ની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે ફેતપુરા, પાંજરીગર મહોલ્લા, યાકુતપુર અને હાથીખાના વિસ્તારમાં કોમ્બિંગ કર્યું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતુ કે ભગવાન રામની શોભાયાત્રા પર પથ્થરમારો કરનારાઓને પાઠ ભણાવવાનો સરકારનો સંકલ્પ છે. સંઘવીએ કહ્યું આ કરતૂત કરનારોઓને મુંહતોડ જવાબ મળશે. શોભાયાત્રા સાથે પોલિસ કમિશ્નર શમસેરસિંહ આગળ વધી રહ્યા હતા ત્યાં યાકુતપુરા વિસ્તાર પહોંચતા તેમની પર પથ્થર પડતા ટિયરગેસના સેલ છોડાયા હતા.પથ્થરમારામાં ૧૫ વાહનોને નુકસાન પહોંચ્યું હતું અને નવ લોકો ઘાયલ થયા હતા.ઘટનાને પગલે ફતેપુરા વિસ્તારમાં પોલીસ કાફલો ખડકી દેવાયો હતો. વડોદરામાં ફતેપુરામાં પાંજરીગર મહોલ્લા અને કુંભારવાડા પાસે હિંસા થઈ હતી. લારી અને વાહનોમાં તોડફોડ કરાઈ હતી. પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

# સોજીત્રા પાલિકાની બજેટ બેઠકમાં હોબાળો : બજેટ મંજુરી અંગે અસંમજસની સ્થિતિ

(પ્રતિનિધિ) પેટલાદ,
સોજીત્રા પાલિકાના 'વહિવટ' માટે ભાજપનો વહિવટ નિષ્ફળ જતો જોવા મળ્યો હતો. આજરોજ બજેટ બેઠક બીજી વખત મળી હતી. જેમાં બજેટ રજૂ કરતાં જ પ્રમુખ માત્ર મંજૂર કહી ઉભા થઈ ચાલવા માંડ્યા હતા. જેને કારણે વિપક્ષ અને સત્તાપક્ષના ચાર સભ્યોએ ભારે વિરોધ કરતાં બજેટ નામંજૂરની બૂમાબૂમ કરી હતી. સભાખંડમાં આ હંગામા વચ્ચે પ્રમુખ ૧૪ વિ. ૯ થી મંજૂર અને વિપક્ષ નેતા ૧૩ વિ. ૧૦ થી નામંજૂરની રજૂઆત ચીફ ઓફિસરને કરતા હતા. જો કે સત્તાપક્ષ ભાજપના ચાર સભ્યોએ બજેટનો લેખિતમાં વિરોધ રજૂ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ આ બજેટ મંજૂર કે નામંજૂરનો નિર્ણય અસમંજસતા વચ્ચે અનિર્ણિત હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી મુજબ સોજીત્રા નગરપાલિકાનું વર્ષ ૨૦૨૩ - ૨૪નુ બજેટ તા.૨૪ માર્ચના રોજ નામંજૂર થયું હતું. જેને કારણે આ બજેટ માટે આજરોજ સવારે ૧૧ કલાકે બેઠક બોલાવી હતી?. આ બેઠક પૂર્વે અસંતુષ્ટોને મનાવવા ભાજપના નેતાઓ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હતી. પરંતુ આજે બેઠક શરૂ થવાની ગણતરીની મિનીટો પૂર્વે પણ ભાજપની નેતાગીરી અને ભાજપના અસંતુષ્ટ સભ્યો વચ્ચે ચડભડ થઈ હતી. અસંતુષ્ટ સભ્યો બજેટ મંજૂર કરવાના મૂડમાં સહેજપણ ન હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. આ સમયે ઉપસ્થિત જીલ્લા ભાજપના નેતા અને સ્થાનિક સંગઠન દ્વારા દરેક સભ્યોને વ્હિપ આપવાની શરૂઆત કરી હતી. તે સમયે પણ અસંતુષ્ટોએ પાલિકા પ્રમુખની તાનાશાહી માટે બળાપો કાઢ્યો હતો. આ રિસામણા - મનામણાં છેલ્લા સમય સુધી ચાલતા બજેટ બેઠક ૧૧ વાગ્યાના બદલે પાંચ મિનીટ મોડી શરૂ થઈ હતી. પાંચ મિનીટ મોડી શરૂ થયેલ બેઠક માત્ર એક જ મિનીટમાં પૂર્ણ થઈ ગયેલ જાહેર કરતાં જ સભાખંડમાં હંગામો શરૂ થઈ ગયો હતો. બજેટ રજૂ કરતાંની સાથે જ પાલિકા પ્રમુખ રજનીકાંત પટેલે ૧૪ વિ. ૯ થી મંજૂર મંજૂરીની જાહેરાત કરી દિધી હતી. તેવામાં વિપક્ષના નેતા મહેબૂબભાઈ વ્હોરા તથા વિરોધપક્ષના અન્ય સભ્યોએ બૂમાબૂમ કરી જણાવ્યું હતું કે બજેટ ૧૩ વિ. ૧૦ મતથી નામંજૂર થયેલ છે. સભાનું પ્રોસિડીંગ પૂર્ણ કર્યા સિવાય પ્રમુખ કાગળો લઈ સભાખંડમાંથી જતા રહે તે યોગ્ય નથી. વિપક્ષના ૯ તથા સત્તાપક્ષના ચાર અસંતુષ્ટ મળી કુલ ૧૩ સભ્યોએ ચીફ ઓફિસરને રજૂઆત કરી હતી કે પ્રમુખની આ જોહુકમી છે. સભામાં જ્યારે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે કોઈપણ કારણોસર મતમતાંતર ચાલતો હોવા છતાં મતદાન કરવામાં આવ્યું નથી. આ રીતે બજેટ મંજૂર કરવું ગેરકાયદેસર છે. આ અંગે ચીફ ઓફિસર નિલમ રોયે જણાવ્યું હતું કે સભામાં મતદાન લેતા પહેલા જ સભા વિખેરાઈ ગઈ હતી. હાલ આ સંદર્ભે વિપક્ષના ૯ અને અન્ય ૪ સભ્યોએ બજેટનો વિરોધ લેખિતમાં રજૂ કરી નામંજૂર કરવા જણાવ્યું છે. પરંતુ સભાનું પ્રોસિડીંગ પ્રમુખ તરફથી લખવામાં આવતું હોય છે. આમ સોજીત્રા પાલિકાનું બજેટ હાલ અસમંજસતાના કારણે અનિર્ણિત સ્થિતીમાં હોવાનું જાણવા મળે છે. જો કે સત્તાપક્ષના ચાર અસંતુષ્ટોએ ભાજપ નેતાઓના તમામ પ્રયત્નોને નિષ્ફળ બનાવી પ્રમુખ સામે બાંયો ચઢાવી રાખતા પાલિકા સુપરશીડ થવાના કગાર ઉપર આવીને ઉભી છે. જોવાનું એ રહેશે કે સોજીત્રા પાલિકાના વહિવટી રાજકારણમાં હવે નવો વળાંક શું આવે છે ?


(તસ્વીરઃ દેવાંગી ઠાકર)

### સીસીટીવી સદંતર બંધ

આજની બજેટ બેઠકમાં ભારે હોબાળો થયા બાદ વિપક્ષના સભ્યોએ ચીફ ઓફિસરને લેખિતમાં અરજી આપી સભાખંડમાં યોજાયેલ બજેટ બેઠકના સીસીટીવી ફુટેજની માંગણી કરી હતી. આ ફુટેજ સવારે ૧૧ થી ૧૧.૩૦ કલાક સુધીના માંગ્યા હતા. પરંતુ જ્યારે ટેકનીશ્યન દ્વારા ફુટેજ મેળવવા પ્રયત્ન કર્યો ત્યારે ખબર પડી કે સભાખંડના કેમેરા પહેલેથી જ સદંતર બંધ છે.

### અમને વ્હિપ લાગુ ના પડે

આજની બજેટ બેઠક સંદર્ભે ચાર અસંતુષ્ટોએ જણાવ્યું હતુ કે અમારો બજેટ માટે વિરોધ છે. આ અંગે વોર્ડ નં.૨ના સભ્ય રાહુલ વાઘરી સહિત જીગ્નેશભાઈ કા.પટેલ, કલ્પનાબેન મકવાણા અને ઉન્નતિબેન રાણાએ જણાવ્યું હતુ કે અમે છે મહિના અગાઉ ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામા આપી દિધા હતાં. ત્યારબાદ એ રાજીનામા સંદર્ભે નહીં સ્વીકાર્યાની લેખિતમાં કોઈ જાણ કરવામાં આવી નથી. તો આજે ભાજપ દ્વારા અમને વ્હિપ આપે તે લાગુ પડતું નથી. એટલે બજેટનો સંપૂર્ણ વિરોધ હોવાનું તેઓએ જણાવ્યું હતું.

### પ્રમુખની જોહુકમી નહીં ચાલે

વિરોધપક્ષના નેતા મહેબૂબભાઈ વ્હોરાએ જણાવ્યું હતું કે આજે બજેટ બેઠક માત્ર બે સેકંડમાં સમેટી લઈ ગેરકાયદેસર રીતે બજેટ મંજૂર કરવાનો પ્રયત્ન પ્રમુખે કર્યો છે. પ્રમુખની જોહુકમી નહીં ચલાવવા ઉપરાંત કહ્યું હતું કે સભાના કાગળો લઈ જવા કે ફાડી નાંખવાનો પ્રમુખને કોઈ જ અધિકાર નથી. આજની બેઠકનું પ્રોસિડીંગ પણ પૂર્ણ કરેલ નથી. જે અંગે અમે ચીફ ઓફિસર અને ઉચ્ચ કક્ષા સુધી રજૂઆત કરી રહ્યા છે.


રામ નવમી નિમિત્તે નડિયાદના પશ્ચિમ વિસ્તારમા આવેલ શ્રી સાઈ સદાવ્રત સાઈ મંદીરની શ્રી સાંઈબાબાની પાલખીયાત્રા નીકળી હતી આ પાલખી યાત્રા માજી કાઉન્સિલર પ્રીતીબેન મિસ્ત્રી ના ઘરે આવી ત્યારે તેમના દ્વારા પુજા અર્ચના આરતી કરવામાં આવી તથા નડીયાદ શહેર કોંગ્રેસપ્રમુખ હાર્દિકભાઈ ભટ્ટ અને જીતુભાઈ રાજ એ આશીર્વાદ લીધા હતા ( તસ્વીરઃ- સાજીદ સૈયદ , નડિયાદ )

વેલસ્પન ફાઉન્ડેશન ફોર હેલ્થ એન્ડ નોલેજ દ્વારા

## અરનાલા ગામમાં સૌર ઉર્જા આધારિત સહભાગી સિંચાઈ વ્યવસ્થાનું મોડેલ ઉભું કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) વાપી,
ગ્રામિણ વિસ્તારોમાં વસતા અને ખેતી કરતા ખેડૂતો સામાન્ય રીતે પ્રાકૃતિક સંસાધનો ઉપરાંત ભૌતિક સુવિધાના અભાવે અનેકવિધ સમસ્યાનો સામનો કરતા હોય છે. ગુજરાતના પારડી તાલુકાના અરનાલા ગામમાં પણ ખેડૂતોને પિયત માટે આવી જ હાલત હતી પરંતુ વેલસ્પન ફાઉન્ડેશનના વેલનેતૃત્વ ક્રાર્યક્રમ અંતર્ગત પારડી તાલુકાના અરનાલામાં ૧૦૦ ખેડૂત પરિવારને બીનપિયત જમીનની ખેત-સિંચાઈ માટે સૌર ઉર્જા આધારિત સહભાગી સિંચાઈ વ્યવસ્થાનું મોડેલ ઉભું કરવામાં આવ્યું અને જેના પરિણામે આજે આ સમગ્ર ખેત વિસ્તારની સ્થિતિમાં બદલાવ આવી ગયો છે.

અરનાલા ગામમાં કોલક નદી ઉપર પાણી અને સિંચાઈની ક્ષમતા વધારવા માટે સરકાર દ્વારા ચેકડેમ બનાવેલ છે. જેમાં આખું વર્ષ પાણી રહે છે પણ પાણી ઉંચકવાના સાધનોની મર્યાદાના કારણે ગામના ખેડૂતો તેનો મહત્તમ લાભ લઈ શકતા ના હતા અને ખેડૂતો માત્ર ખરીફ સિઝનમાં ખેતી કરતા હતા અને રવિ સિઝનમાં માત્ર ભેજવાળા પાકની ખેતી કરતા હતા. અહી કોઈ એવી વ્યવસ્થા ઉભી કરવાની જરૂર હતી કે નદીમાંથી તેમના ખેતરોમાં પાણી પહોચાડવામાં આવે તો તેઓ વ્યાવસાયિક શાકભાજીની ખેતી કરી શકે જેનાથી તેમની આવકમાં પણ અનેકગણો વધારો કરી શકાય. આ બાબતને ધ્યાનમાં રાખીને વેલસ્પન ફાઉન્ડેશન ફોર હેલ્થ એન્ડ નોલેજ દ્વારા આ વિસ્તારમાં ૧૦૦ ખેડૂતોને સાથે રાખી સૌર ઉર્જા આધારિત સહભાગી સિંચાઈ વ્યવસ્થાપનું એક મોડેલ ઉભું કર્યું, જૂથ દ્વારા પાણી અને સંસાધનીના ઉપયોગ અને માવજતના નીતિ નિયમો બન્યા અને ખેતી કરવાની એક નવી પદ્ધતિની શરૂઆત થઈ જેના ફળસ્વરૂપ આજે ૫૦ એકર સૂકીખેતીનું સિંચાઈવાળી જમીનમાં રૂપાંતરણ થયુ અને ૧૦૦ જેટલા ખેડૂતો અને મહિલાઓ ખેતી માટે પાણી મેળવીને શાકભાજીની ખેતી ચાલુ કરી. વેલસ્પનના સીએસઆર હેડ સંજીવ રંજને જણાવ્યું હતું કે, "વેલસ્પન ફાઉન્ડેશનના વેલ નેતૃત્વ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ જળ-સંગ્રહ અને વ્યવસ્થાપનના વિવિધ પ્રકારના નમૂનારૂપે મોડેલ ઉભા કરી અને ગ્રામીણ મહિલા ખેડૂતની આજીવિકાને સ્વાવલંબન તરફ લઈ જવાનો છે."



(તસ્વીરઃ અશોક જોષી)

## મહીસાગર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતમાં નારી સંમેલન યોજાયુ

ગોધરા.
ગુજરાત રાજય મહિલા આયોગ અને જિલ્લા વહીવટી તંત્ર મહીસાગરના સંયુક્ત ઉપક્રમે નારી અદાલતની સમજ તેમજ મહિલા સશક્તિકરણ અને મહિલા વિષયક યોજનાઓની જાણકારી આપી શકાય તે હેતુસર શ્રી કે એમ દોશી હાઈસ્કૂલ ,બાકોર - પાંડરવાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રમીલાબેન ડામોર ની ઉપસ્થિતિ માં નારી સંમેલન-૨૦૨૩ યોજવામા આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રમીલાબેન ડામોરે જણાવ્યુ હતુ કે, વિશ્વની અડધી જન સંખ્યા મહિલાઓની છે સામાજિક રાજકીય ઔદ્યોગિક શિક્ષણ અને અન્ય ક્ષેત્રે આજે મહિલાઓ અગત્યની ભૂમિકા ભજવી રહી છે વિજ્ઞાન, ટેકનોલોજી,સંગીત, કળા અને સાહિત્ય એમ વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પહેલા કરતા વધુ આગળ આવી રહી છે અવકાશ સંશોધન અને રમત ગમત જેવા ક્ષેત્રોમાં પણ મહિલાઓએ પોતાની ક્ષમતા પુરવાર કરી બતાવી છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, બેટી બચાવો,બેટી વધાવો અભિયાન, કન્યા કેળવણી રથયાત્રા, સરસ્વતી . સાધન સહાય યોજના મુખ્યમંત્રી મા અમૃતમ યોજના, વીમા કવચ યોજના,કન્યાઓ માટે રાજ્યમાં નિઃશુલ્ક શિક્ષણ વગેરે જેવા યોજનાકીય લાભો થકી દેશના અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં મહિલાઓની બહેતર સ્થિતિનું નિર્માણ કરવામાં ગુજરાત સરકારની શ્રેષ્ઠતા અને કર્મઠતા આપણી નજર સામે છે.ગુજરાત સરકારે મહિલાઓને પોલીસ ભરતી સહિતની તમામ સરકારી નોકરીમાં ૩૩ ટકા,સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા નેતૃત્વ સહિતના મહત્વના લાભોનો અમલ પણ વ્યવસ્થિત થાય તે સુનિશ્ર્ચિત કર્યુ છે.

આ પ્રસંગે લુણાવાડા પૂર્વ ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક અને કાળુભાઈ માલીવાડ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યુ હતું

નારી સંમેલન કાર્યક્રમમા જિલ્લા કલેટરશ્રી ભાવિન પંડ્યા ,જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે ડી લાખણી ,મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃતિ ચેરમેન શ્રીમતી મધુબેન ધામોત, મામલતદાર ખાનપુર,તાલુકા વિકાસ અધિકારી ખાનપુર સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

**નામ બદલેલ છે**
મે મારૂ નામ **પટેલ આસ્થાબેન રાજેન્દ્રકુમાર** હતું જે બદલીને **પટેલ આસ્થા રાજેન્દ્રકુમાર** કરેલ છે.
**સરનામું :** એ-૩૦૧, સાર્થક ધ સર્જક-૨, કુડાસણ, ગાંધીનગર
5558

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**ઉત્તર પશ્ચિમ ઝોન- હેલ્થ વિભાગ**
રાજમાતા વિજયારાજે સિંધિયા ભવન જજીસ બંગલો રોડ બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪ ફોન નંબર- ૦૭૯-૨૬૮૫૮૧૭૬
ઈ-મેલઃ- dyhonorthwestzone@gmail.com

**જાહેર શોર્ટ ઈ-ટેન્ડર નોટીસ**

**શોર્ટ ઈ-ટેન્ડર નોટીસ નં.૦૧/૨૦૨૨-૨૩**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનનાં જુદા જુદા વોર્ડમાં આવેલ કુલ-૦૮ (આઠ) અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૦૨ (બે) વર્ષ માટે મેન્યુઅલ સફાઈ કામગીરી, કામદારો અને સાધન-સામગ્રી સાથે કરવા શોર્ટ ઈ-ટેન્ડર થી રસી ધરાવતા કોન્ટ્રાકટરો-સંસ્થાઓ પાસેથી ભાવો માંગવામાં આવે છે. આ અંગે નું ટુ બીડ (૧) ટેકનિકલ (૨) પ્રાઈસ બીડ પધ્ધતિ મુજબનું શોર્ટ ઈ-ટેન્ડર નં-૦૧/૨૦૨૨-૨૩ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.amc.nprocure.com and www.ahmedabadcity.gov.in ઉપર મુકવામાં આવેલ છે. જે ઉપરથી ટેન્ડર કોપી તથા શરતો ડાઉનલોડ કરી ઓન લાઈન ટેન્ડર ફોર્મની વિગતો ભરવાની રહેશે. (૧) પ્રાઈસ બીડ ની વિગતો ફરજીયાત ઓન-લાઈન ભરવાની રહેશે, તથા (૨) ટેકિનકલ બીડ (સંપુર્ણ વિગતો, ડોક્યુમેન્ટસ સાથેનું) ભરી આસી. મેનેજરશ્રી, ઉત્તર પશ્ચિમ ઝોન, રાજમાતા વિજયા રાજે સિંધિયા ભવન, થર્ડ ફલોર, અતિથિ હોટલની બાજુમાં, જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૫૪., ખાતે રજીસ્ટર.એડી./સ્પીડ પોસ્ટથી અથવા રૂબરૂ મોકલવાનું રહેશે.

- ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીઃ- ૧૦/૦૪/૨૦૨૩, સમયઃ- ૧૮ કલાક સુધી
- ટેન્ડર ડોક્યુમેન્ટ (ટેકનીકલ બીડ) સ્વીકારવાની છેલ્લી તારીખ :-૧૧/૦૪/૨૦૨૩, સમયઃ-૧૬:૦૦ કલાક સુધી
- ટેન્ડર (ટેકનીકલ બીડ) ખોલવાની તારીખઃ- ૧૨/૦૪/૨૦૨૩, સમયઃ- ૧૨:૦૦ કલાકે

હેલ્થ વિભાગ, ઉત્તર પશ્ચિમ ઝોન, અ.મ્યુ.કો. દ્વારા પ્રકાશિત...

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**
**વિવિધ એન્જિનિયરીંગ કામ**
**(એન્જિનિયરીંગ વિભાગ) ઈ-ટેન્ડર નોટીસ નં. 48, વર્ષ 2022-2023 તારીખ 25.03.2023 ક્ર. નં. (01) ઈ-ટેન્ડર નં. : DRM-ADI-167-2022-23 કાર્યનું નામઃ** ભચાઉ (બીસીઓબી) : એબીએસએસના સંબંધમાં સ્ટેશન બિલ્ડીંગ, આસપાસનો વિસ્તાર, પ્લેટફોર્મ સપાટી, ટોઈલેટ સુવિધાઓ, કવર શેડ, અન્ય પેસેન્જર સુવિધાઓનું સોફ્ટ અપગ્રેડેશન અને અન્ય સહાયક કામ. (સંયુક્ત ટેન્ડર). **અંદાજિત પડતર :** ₹ 13,98,19,523.99 **અર્નેસ્ટ મની:** ₹ 8,49,100.00 **(02) ઈ-ટેન્ડર નં. : DRM-ADI-168-2022-23 કાર્યનું નામઃ**વિરમગામઃ એબીએસએસના સંબંધમાં સ્ટેશન બિલ્ડીંગ, આસપાસનો વિસ્તાર, પ્લેટફોર્મ સપાટી, ટોઈલેટ સુવિધાઓ, કવર શેડ, અન્ય પેસેન્જર સુવિધાઓનું સોફ્ટ અપગ્રેડેશન અને અન્ય સહાયક કામ. (સંયુક્ત ટેન્ડર). **અંદાજિત પડતર :** ₹ 15,21,61,122.08 **અર્નેસ્ટ મની:** ₹ 9,10,800.00 **(03) ઈ-ટેન્ડર નં. : DRM-ADI-169-2022-23 કાર્યનું નામઃ** કલોલઃ એબીએસએસના સંબંધમાં સ્ટેશન બિલ્ડીંગ, આસપાસનો વિસ્તાર, પ્લેટફોર્મ સપાટી, ટોઈલેટ સુવિધાઓ, કવર શેડ, અન્ય પેસેન્જર સુવિધાઓનું સોફ્ટ અપગ્રેડેશન અને અન્ય સહાયક કામ. (સંયુક્ત ટેન્ડર). **અંદાજિત પડતર :** ₹ 15,78,87,805.60 **અર્નેસ્ટ મની:** ₹ 9,39,400.00 **(04) ઈ-ટેન્ડર નં. : DRM-ADI-170-2022-23 કાર્યનું નામઃ** મણીનગરઃ એબીએસએસના સંબંધમાં સ્ટેશન બિલ્ડીંગ, આસપાસનો વિસ્તાર, પ્લેટફોર્મ સપાટી, ટોઈલેટ સુવિધાઓ, કવર શેડ, અન્ય પેસેન્જર સુવિધાઓનું સોફ્ટ અપગ્રેડેશન અને અન્ય સહાયક કામ. (સંયુક્ત ટેન્ડર). **અંદાજિત પડતર :** ₹ 7,15,39,864.17 **અર્નેસ્ટ મની:** ₹ 5,07,700.00 **(05) ઈ-ટેન્ડર નં. : DRM-ADI-171-2022-23 કાર્યનું નામઃ** વટવાઃ એબીએસએસના સંબંધમાં સ્ટેશન બિલ્ડીંગ, આસપાસનો વિસ્તાર, પ્લેટફોર્મ સપાટી, ટોઈલેટ સુવિધાઓ, કવર શેડ, અન્ય પેસેન્જર સુવિધાઓનું સોફ્ટ અપગ્રેડેશન અને અન્ય સહાયક કામ. (સંયુક્ત ટેન્ડર). **અંદાજિત પડતર :** ₹ 11,75,86,820.75 **અર્નેસ્ટ મની:** ₹ 7,37,900.00 **(06) ઈ-ટેન્ડર નં. : DRM-ADI-172-2022-23 કાર્યનું નામઃ** ભીલડીઃ એબીએસએસના સંબંધમાં સ્ટેશન બિલ્ડીંગ, આસપાસનો વિસ્તાર, પ્લેટફોર્મ સપાટી, ટોઈલેટ સુવિધાઓ, કવર શેડ, અન્ય પેસેન્જર સુવિધાઓનું સોફ્ટ અપગ્રેડેશન અને અન્ય સહાયક કામ. (સંયુક્ત ટેન્ડર). **અંદાજિત પડતર :** ₹ 8,49,98,690.18 **અર્નેસ્ટ મની:** ₹ 5,75,000.00 **તમામ ટેન્ડરો માટે : ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ તારીખઃ** 18.04.2023 **સમયઃ** 15.00 **કલાકે. કાર્યાલયનું સરનામુ :** સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (સમન્વય), અમદાવાદ, ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રીજની પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ** www.ireps.gov.in
311
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**સાનબ્લ્યૂ કોર્પોરેશન લિમિટેડ**
**રજી. ઓફિસ : 22- A, ગવર્મેન્ટ સર્વન્ટ સોસાયટી, મ્યુનિસિપલ માર્કેટ પાસે, સી.જી. રોડ, અમદાવાદ-380009**
Email : inquiry@sanbluecorporation.com • Website : www.sanbluecorporation.com
CIN: L15400GJ1993PLC020073

**ટ્રેડીંગ વિંડો બંધ કરવાની સૂચના**
આ સાથે સૂચિત કરવામાં આવે છે કે કંપનીના ઈન્ટર્નલ કોડ ઓફ કન્ડકટ મુજબ નિયુક્ત વ્યક્તિ દ્વારા રેગ્યુલેટ, મોનીટર રીપોર્ટ ટ્રેડીંગ કરવા, કંપની સિક્યુરિટીઝમાં ડીલીંગ કરવા ટ્રેડીંગ વીન્ડો તમામ નિયુક્ત વ્યક્તિઓ સહિત પ્રમોટર્સ, ડિરેકટર્સ, મહત્વના મેનેજરીયલ કર્મચારીઓ, કર્મચારીઓ સંબંધિત વ્યક્તિઓ અને તેમના નજીકનાં વ્યક્તિઓ માટે 1 એપ્રિલ 2023 થી કંપનીના 31 માર્ચ 2023ના રોજ પુરા થતા ત્રિમાસિક અને વાર્ષિક નાણાંકિય પરિણામો જાહેર થયા પછી 48 કલાક સુધી બંધ રહેશે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી,**
**સાનબ્લ્યુ કોર્પોરેશન લિમિટેડ**
Sd./-
**જેકિલ પંચોલી**
**કંપની સેક્રેટરી - FCS: 12329**
**સ્થળ : અમદાવાદ**
**તારીખ : 30/03/2023**

## Air India Launches Premium Economy Class on Select Flights

New Delhi, Air India introduces an all-new Premium Economy experience for travellers, offering a superior cabin product, world-class inflight services, and added on-ground convenience. The airline has opened sale for the new cabin, for travel starting May 15, 2023, becoming the first and only Indian carrier to offer the choice of four cabin classes – First, Business, Premium Economy, and Economy.

Air India's Premium Economy class will be initially available to customers travelling on select routes operated by its fleet of Boeing 777-200LR aircraft: Bengaluru-San Francisco, Mumbai-San Francisco, and Mumbai-New York.

Mr. Campbell Wilson, CEO & MD, Air India, said: "The popularity of Premium Economy has grown among travellers around the world, as people are increasingly opting for upgraded, yet affordable flying experiences. We are delighted to introduce a distinctive Premium Economy experience for our customers on select flights for now, with a plan to extend it to many more routes soon, as we rapidly expand and modernise our fleet. This is another step forward in our sincere, ongoing effort to transform Air India into a modern, global carrier of world-class products and service standards."

Separate, spacious cabin with wider seats: Premium Economy class on Air India's Boeing 777-200LR aircraft features 48 leather-upholstered, memory foam seats that have 19 inches of width, 38 inches of pitch, and 5 inches of recline with adjustable leg rest and footrest, and winged headrests. The seats provide extra legroom for customers to stretch out during flight, enabling customers to rest or work in comfort. Premium Economy customers receive a complimentary, elegant TUMI amenity kit (specially designed for Air India) consisting of a pair of flight socks, an eye mask, MALIN+GOETZ lip moisturizer, and a pen, in addition to carpet slippers. Customers also receive noise-cancelling headphones for use during flight to complement the experience of Air India's In-flight Entertainment (IFE) system.

## Dismantle India's Big 5 conglomerates to increase competition, says former RBI Deputy Governor

**By Sanjeev Sharma**

New Delhi, March 31 (IANS) Former RBI Deputy Governor Viral Acharya has called for dismantling India's largest conglomerates to increase competition and to reduce their pricing power.

In a new paper for Brookings, Acharya of New York University said the Big Five are-Reliance (Mukesh Ambani Group), Tata Group, Aditya Birla Group, Adani Group and Bharti Telecom.

Acharya called for dismantling its competition-stifling industrial conglomerates through trust busting or at least reducing their market power through legal and regulatory changes that make it economically unattractive for them to remain large.

Acharya said such growth of conglomerates raises several concerns, such as the risk of crony capitalism, i.e., political connections and inefficient project allocations, related party transactions within their byzantine corporate organization charts, over-leveraging due to an implicit too-big-to-fail perception, key-men/women (or key-family) risk in their operational efficiency, and a lack of creative destruction by crowding out of entrants.

